ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી-ગાંધીનગર ખાતે 'મિકેનિઝમ- ગેજેટ ઓપન હાઉસ'નું આયોજન સોમવારે સાંજે કરવામાં આવ્યું હતું. જ્યાં એમઇઇ-322 કોર્સનાં વિદ્યાર્થીઓએ જુદા-જુદા ક્ષેત્રે થતી સમસ્યાઓને રિઝોલ્વ કરી શકાય તે માટેનાં ગેજેટ્સ તૈયાર કર્યાં હતાં.

# હવે માત્ર 3 સેકન્ડમાં તૈયાર થશે 2 પાણીપુરી!

INNOVATIVEPROJECTS

## ફટાફટ બનશે પાણીપુરી, મિકેનિકલ હાથ ઉંચકશે 20 કિલો વજન અને ટેપ બચાવશે પાણી

સિટી રિપોર્ટર : અમદાવાદ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગર ખાતે એમઇઇ-322 કોર્સનાં વિદ્યાર્થીઓ દ્વારા 'મિકેનિઝમ-ગેજેટ ઓપન હાઉસ'નું આયોજન સોમવારે સાંજે આઇઆઇટીનાં કેમ્પસ ખાતે કરાયું હતું. આઇઆઇટી સ્ટુડન્ટ્સ દ્વારા જુદા-જુદા ક્ષેત્રે થતી સમસ્યાઓને રિઝોલ્વ કરવા માટેના ગેજેટ્સનાં પ્રોટોટાઇપ્સ તૈયાર કરાયાં છે. જેમાં સુગરકેન લીફ રિમુવર, મલ્ટિપલ ડિગ્રી ઓફ ફ્રિડમ વોશિંગ મશીન, પાનીપુરી મશીન, પોલિસ બેરિકેડ, બેટરી સ્વેપિંગ મશીન ફોર ઇલેક્ટ્રીક વેહિકલ્સ, ટ્રી પ્લાન્ટર, એમ્બ્રોઇડરી થ્રેડ કટિંગ મશીન, ફૂડ ફીડર મશીન ફોર ફિઝીકલી ડિસેબલ્ડ, ફૂટ ઓપરેટેડ ટેપ, હ્યુમન એક્સોસ્કેલેટન ફોર વેઇટ લિફ્ટીંગ, અન્ડર-કાર મશીન ટ્રોલી, વગેરે જેવાં પ્રોટોટાઇપ્સ તૈયાર કરાયાં છે. આ ગેજેટ્સને આઇઆઇટી ખાતે સોમવારે સાંજે ડિસ્પ્લે કરવામાં આવ્યાં હતાં. જાણીએ આ પ્રોટોટાઇપ્સ વિશે.

### પાણીપુરીનું મશીન



આ મશીન પાણીપુરીને બનાવવાની ઓટોમેટિક સિસ્ટમ છે. સામાન્યતઃ પાણીપુરી ખાવા જવાનું મન થાય ત્યારે હાયજીનની સમસ્યાને લીધે આપણે અચકાતા હોઇએ છે. તો આ મશીન અમે એવી રીતે બનાવ્યું છે, કે જેમાં હ્યુમન ટચ મિનિમમ હોય. આ મશીનમાં ત્રણ સેકન્ડમાં બે પાણીપુરી તૈયાર થઇ જાય છે. આ મશીન બનાવવા અને તેનાં પ્રેક્ટિકલ ઉપયોગ કરવા માટે અમે 20 જેટલી પાણીપુરી આ મશીનથી તૈયાર કરી હતી. આ મશીનમાં એક ડબ્બામાં બટાકાનો મસાલો અને બીજા બે ડબ્બામાં પાણીનું મિશ્રણ મૂકવામાં આવે છે અને નીચે પુરી મૂકીને મશીન ચાલુ કરવાથી ઓટોમેટિક તેમાં કાણું પડીને મસાલો અને પાણી ભરાઇ જાય છે. આ મશીન ગૃહિણીઓ ઘરવપરાશમાં વાપરી શકશે તેમજ મોલ્સ, કેટરર્સ અને તથા પાણીપુરી વેન્ડર્સ પણ વાપરી શકાશે. તેની કોસ્ટ પ્રાઇઝ 3000 રૂ. જેટલી છે. ▪ શ્રેયાંસ નાહર ▪ અક્ષય રંદાદ ▪ અભિષેક નવરકર.

### વજન સરળતાથી ઊંચકી શકે તેવો કૃત્રિમ હાથ



આ એક એવો મિકેનિકલ હાથ છે, જેને પહેરીને 20 કિલો જેટલું વજન ઊંચકી શકાય છે અને તેને પહેરીને હાથ પર બિલકુલ વજન અનુભવાતો નથી. ગૃહિણીઓએ જ્યારે વધુ શોપિંગ કરી લીધું હોય ત્યારે આ હાથ તેમને કામ આવી શકે છે. ઉપરાંત મેડિકલ અને મિલીટરી ક્ષેત્રે પણ ઉપયોગમાં લઇ શકાય છે. તેમજ મેડિકલી ડિસેબલ્ડ વ્યક્તિને પણ આ મશીન ઉપયોગમાં આવી શકે છે. ▪પ્રસિત પાલ ▪મહેશ કુમાર ▪બજરંગ લાલ કુડી.



### ફૂટ ઓપરેટેડ ટેપ

જ્યારે વોશ બેસિનમાં આપણે હાથ ધોવા નળ ચાલુ કરીએ ત્યારે નળ પર સાબુ લાગી જાય અને પછી પાછા આપણે નળ પર પાણી નાંખીને ધોઇએ. તેથી અમે ફૂટ ઓપરેટેડ ટેપ બનાવવાનું નક્કી કર્યું. આ એવું વોશ બેસિન છે, જેમાં પગમાં ટેપ છે અને ટેપ પર પગથી પ્રેશર આપવાથી બેસિનના નળમાં પાણી આવે છે. આ પ્રોડક્ટ માત્ર રૂ.500માં માર્કેટમાં મળી રહે તેમ છે. વળી, પગથી આપેલાં પ્રેશર દ્વારા પાણી આવવાનું પ્રોર્પોશન નક્કી થશે તો પાણીનો બચાવ પણ થશે. ▪મયંક શેખર ▪ધ્યેય શાહ ▪માનસા પી.